આઠ મહિનામાં જ સુરત એરપોર્ટ પરથી 'યાત્રી ઉડાન કેફે'ની 'ઉડાન'

રૂ.10માં ચા અને પાણી, રૂ.20માં કોફી-સમોસા, સ્વીટ્સ મળવાની સુવિધા બંધ થતાં ફ્રિક્વન્ટ ફ્લાયર્સમાં નારાજગી

ઉડાન કેફેનું વધુ ભાડું અને ઓછી આવકના કારણે સંચાલક કંપનીએ કેફે બંધ કર્યાનો એરપોર્ટ ઓથોરિટીનો દાવો



સુરત : દેશના 16 આંતરરાષ્ટ્રીય એરપોર્ટ પર મુસાફરોને સસ્તા દરે ચા-નાસ્તો અને પાણી પૂરાં પાડતી કેન્દ્ર સરકારની 'ઉડાન કેફે' યોજના સુરત એરપોર્ટ પર માત્ર આઠ મહિનામાં જ બંધ થઈ ગઈ છે. 20 ફેબ્રુઆરી, 2026ના રોજ કેન્દ્રીય નાગરિક ઉડ્ડયન મંત્રી કિંજરાપુ રામ મોહન નાયડુએ કોઈમ્બતુર એરપોર્ટ પરથી વર્ચ્યુઅલ માધ્યમથી સુરત સહિત દેશનાં વિવિધ એરપોર્ટ પર આ સુવિધાનો પ્રારંભ કરાવ્યો હતો. જોકે, આટલા ટૂંકા ગાળામાં જ સુવિધા બંધ થતાં મુસાફરોમાં નારાજગી જોવા મળી રહી છે.

સુરત ઇન્ટરનેશનલ એરપોર્ટના ચેક-ઇન એરિયામાં શરૂ કરાયેલા ઉડાન કેફેમાં માત્ર રૂ.10માં ચા, રૂ.10માં પાણીની બોટલ, રૂ.20માં કોફી, રૂ.20માં એક નંગ મીઠાઈ અને રૂ.20માં સમોસો મળતાં હતાં. એરપોર્ટ પર ખાનગી ફૂડ કાઉન્ટરોના ઊંચા ભાવ વચ્ચે આ કેફે મુસાફરો માટે રાહતરૂપ બન્યું હતું. ખાસ કરીને બોર્ડિંગ પહેલાં રિફ્રેશમેન્ટ લેવા ઇચ્છતા મુસાફરોને તેનો લાભ મળતો હતો. વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને કેન્દ્રીય નાગરિક ઉડ્ડયન મંત્રી દ્વારા પણ સસ્તી ખાણીપીણીની આ સુવિધાનો પ્રચાર કરવામાં આવ્યો હતો. એરપોર્ટ ઓથોરિટી ઓફ ઇન્ડિયા (AAI)ની આ પહેલનો મુખ્ય ઉદ્દેશ એરપોર્ટ પર ગુણવત્તાયુક્ત ખાદ્યપદાર્થો પોસાય તેવા ભાવે ઉપલબ્ધ કરાવવાનો છે. સુરત એરપોર્ટના ડિરેક્ટર આનંદકુમાર શર્માએ ગુજરાતમિત્રને જણાવ્યું હતું કે, ઉડાન કેફેનું સંચાલન કરતી કંપનીએ ભાડું વધુ અને આવક ઓછી હોવાનું કારણ દર્શાવી વધતી ખોટ અટકાવવા કેફે બંધ કરવાનો નિર્ણય લીધો હતો. કંપનીએ કોમર્શિયલ વિભાગને અગાઉથી જાણ કરી હતી. હવે મુસાફરોને ફરી આ સુવિધા મળે તે માટે નવેસરથી ટેન્ડર મંગાવવાની પ્રક્રિયા શરૂ કરવામાં આવી છે. આગામી સપ્તાહમાં ટેન્ડર ઇશ્યૂ થઈ જશે.

બીજી તરફ આ મામલો ઉજાગર કરનાર ફરિયાદી એવા સુરતના જાગૃત નાગરિકનો આક્ષેપ છે કે,સરકાર અને સુરતની કહેવા પીવાની શોખીન જનતાને નામોશી મળે એવું કામ એરપોર્ટના કોમર્શિયલ વિભાગના અધિકારીઓ અને કોન્ટ્રાક્ટરના મેળાપીપણામાં થાય છે.ચાત્રી ઉડાન કેફે બંધ કરવાની ગેરરીતિની વિજિલન્સ તપાસ થવી જોઈએ.

અન્ય એરપોર્ટની સરખામણીએ સુરતમાં મર્યાદિત મેનૂ હતું

દેશના અન્ય એરપોર્ટ પર ઉડાન કેફેમાં સમોસા, કચોરી, વડાપાંવ, ઢોકળાં, ખમણ, પરાઠાં, પૂરી-ભાજી, સેન્ડવિચ, બર્ગર, ચાટ, ઇડલી-ઢોસા સહિતની વિવિધ વાનગીઓ મળે છે. તેની સરખામણીએ સુરતના કેફેમાં મેનૂ પણ મર્યાદિત હતું. તેમ છતાં સસ્તા દરે ચા-પાણી અને નાસ્તાની સુવિધા બંધ થતાં મુસાફરોમાં અસંતોષ છે. હવે નવા ટેન્ડર બાદ આ સુવિધા ફરી શરૂ થાય છે કે નહીં તેના પર મુસાફરોની નજર છે.

કોન્ટ્રાક્ટરે પોતાની બીજી રેસ્ટોરન્ટની મોંઘી ખાદ્ય વસ્તુઓ વેચવા સસ્તું કેફે બંધ કર્યું

સુરત ઇન્ટરનેશનલ એરપોર્ટ પર ફૂડ અને બેવરેજિસ સ્ટોલ,રેસ્ટોરન્ટની સુવિધાનો કોન્ટ્રાક્ટ મેળવનાર કંપનીને જ "ઉડાન કેફે"નો કોન્ટ્રાક્ટ મળ્યો હતો.સુરતના જાગૃત નાગરિકે એરપોર્ટ ઓથોરિટી ઓફ ઇન્ડિયાને કરેલી ફરિયાદમાં જણાવ્યું હતું કે,"વડાપ્રધાન અને નાગરિક ઉડ્ડયન મંત્રીએ શરૂ કરેલી "ઉડાન કેફે" સુવિધા કોન્ટ્રાક્ટર અને સુરત એરપોર્ટના કોમેશિયલ વિભાગના અધિકારીઓના મેળાપીપણામાં બંધ કરવામાં આવી છે.એને લીધે સરકારની નામોશી થઈ રહી છે.ચાત્રી ઉડાન કેફે નો કોન્ટ્રાક્ટ મેળવનાર કોન્ટ્રાક્ટરે ટર્મિનલ બિલ્ડિંગમાં આવેલી પોતાની રેસ્ટોરન્ટ,કિઓસ્કની મોંઘી ખાદ્ય સામગ્રી ખરીદવા સિવાય બીજો વિકલ્પ જ બચે નહીં એ માટે "ચાત્રી ઉડાન કેફે" જ બંધ કરવાની હિમત બતાવી છે.એરપોર્ટની ટર્મિનલ બિલ્ડિંગની અંદર અને બહાર ફૂડ અને બેવરેજિસ સ્ટોલ,રેસ્ટોરન્ટની સુવિધાનો કોન્ટ્રાક્ટ ગીતા રેસ્ટોરન્ટ ગ્રુપને મળ્યો છે. કહે છે કે, ટર્મિનલ બિલ્ડિંગની બહાર ગીતા રેસ્ટોરન્ટનો નવો ફૂડ કિઓસ્ક ખોલવામાં આવ્યો છે.એને લાભ મળે એ માટે "ઉડાન ચાત્રી કાફે" ની સુવિધા જ બંધ કરી દેવામાં આવી છે.એને લીધે સુરત ઇન્ટરનેશનલ એરપોર્ટની અને ખાવા પીવાના શોખીન સુરતના નાગરિકોનું છબી ખરડાઈ છે,

હવે દરિયાકિનારા પર ચોર સક્રિય

ડુમસ સી-ફેસના પાર્કિંગમાંથી પાકટ ચોરાઈ જતા ફરિયાદ

વેસુની યુવતી મિત્ર સાથે ફરવા ગઈ ત્યારે પાર્કિંગમાં ડિકીમાંથી નાનું પાકીટ ગાયબ હતું

સુરતઃ ડુમસ સી-ફેસમાં પાર્ક કરેલી મોપેડની ડિકીમાંથી અજાણ્યો તસ્કર મોબાઈલ ફોન, એટીએમ કાર્ડ અને રોકડ રકમ ભરેલું નાનું પાકીટ ચોરી કરી ફરાર થઈ ગયો હોવાનો બનાવ સામે આવ્યો છે. વેસુ વિસ્તારમાં રહેતી યુવતીની ફરિયાદના આધારે પોલીસે અજાણ્યા ચોર વિરુદ્ધ તપાસ શરૂ કરી છે.

વેસુ વિસ્તારમાં રાહુલરાજ મોલની પાછળ આવેલા સુમન કાવ્ય ખાતે મેઘા મુકેશભાઈ કિકુભાઈ નાયકા (ઉં.વ. ૨૮) પોતાના પરિવાર સાથે રહે છે. ગઈ તારીખ ૧૭/૧૧/૨૦૨૬ના રોજ મેઘા પોતાના મિત્ર નીલ હિતેશભાઈ પ્રજાપતી સાથે તેમની એક્ટિવા મોપેડ (નં. GJ-05-LK-0648) પર ડુમસ સી-ફેસ ફરવા માટે ગયા હતા. સાંજે પાંચ વાગ્યાના સુમારે તેમણે એક મોટા પાકીટની અંદર નાનું પાકીટ મૂકીને તે મોપેડની ડિકીમાં રાખ્યું હતું અને ડિકી બંધ કરી બંને સી-ફેસ પર ફરવા ગયા હતા. તેઓ પરત આવ્યા ત્યારે પાકીટ ચોરાઇ ગયું હતું. જેમાં

શેઠ માલકમ પંડોલ દ્વારા ઓફિસ વર્ક માટે અપાયેલો રૂ. ૫,૦૦૦ની કિંમતનો લાઈટ ગ્રીન કલરનો રેડમી મોબાઈલ,બેંક ઓફ ઈન્ડિયાના બે એટીએમ કાર્ડ (પોતાના અને પિતાના નામે), પિતાના નામે એસબીઆઈનું એટીએમ કાર્ડ, ભાઈ ઋષિના નામે બીઓબીનું એટીએમ કાર્ડ તેમજ રોકડા રૂ. ૧,૦૦૦ હતા. આ બનાવ અંગે તેમણે કરેલી ફરિયાદના આધારે ડુમસ પોલીસે ગુનો નોંધી તપાસ શરૂ કરી છે.

સુંવાલી બીચ પર મોપેડની ડિકીમાંથી મોબાઈલ ચોરાયો

પાલ ગૌરવ પથના યુવકની મંગેતર માતા-પિતા સાથે બીચ પર ફરવા ગઈ ત્યારે બનેલી ઘટના

સુરતઃ પાલ ગૌરવ પથ વિસ્તારમાં રહેતા એક યુવકની મંગેતરનો મોબાઈલ ફોન સુવાલી બીચના પાર્કિંગમાં રાખેલી મોપેડની ડિકીમાંથી ચોરી થઈ ગયો હોવાનો બનાવ સામે આવ્યો છે.અગાઉ ઓનલાઈન ઈ-એફઆઈઆર અરજી કર્યા બાદ હવે અજાણ્યા ચોર વિરુદ્ધ કાયદેસરની ફરિયાદ નોંધાતા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

પાલ ગૌરવ પથ પર આવેલી શ્રીપદ સેલિબ્રેશન સોસાયટીમાં સ્નેહ અરવિંદભાઈ તાપણીયા (ઉં.વ. ૨૫) પોતાના પરિવાર સાથે રહે છે. તેમણે તેમની ફરિયાદમાં જણાવ્યું હતું તા. ૧૫/૧૧/૨૦૨૬ના રોજ તેઓ તેમની મંગેતર ટિંકલબેન દેવગાણીયા (ઉં.વ. ૨૫, રહે. એ જ સરનામું) તેના પોતાના માતા-પિતા સાથે બપોરે ત્રણેક વાગ્યાના અરસામાં સુવાલી બીચ ફરવા ગયા હતા. બીચ ખાતે પિતાજીની હોન્ડા એક્ટિવા મોપેડ (નં. GJ-05-SA-6201) પાર્કિંગમાં મૂકીને તેની ડિકીમાં ટાઈટેનિયમ બ્લુ રંગનો આઈકૂ મોબાઈલ ફોન અને પર્સ મૂકીને તેઓ દરિયાકિનારે ફરવા ગયા હતા. સાંજે સાડા છ વાગ્યાના સુમારે ઘરે પરત આવી ડિકી તપાસતા મોબાઈલ ફોન ગાયબ જણાયો હતો. ત્યારબાદ બીજા દિવસે સવારે સુવાલી બીચ પાર્કિંગ, આસપાસના વિસ્તારો અને રસ્તાઓ પર શોધખોળ કરવા છતાં મોબાઈલ ન મળતા અજાણ્યા ચોરે ડિકીમાંથી ફોન ચોર્યાની શંકા વ્યક્ત કરાઈ હતી.

કાપોદ્રામાં એસિડ પી લેતાં એકાઉન્ટન્ટનું મોત

સુરત: મૂળ ભાવનગરના તળાજાના વાવડી અને હાલ કાપોદ્રાની કિરણપાર્ક સોસાયટીમાં રહેતો 27 વર્ષીય મિતેશ મનજી માવાણી ઉધનાની એક ખાનગી કંપનીમાં એકાઉન્ટન્ટ તરીકે નોકરી કરતો હતો. ગત 7 નવેમ્બરે મિતેશકુમારે પુણા ભૈયાનગર પાસે રોડ પર એસિડ પી લીધો હતો અને મિત્રને ફોન કરી જાણ કરી હતી. જેથી પરિવારના સભ્યો તુરંત ઘટના સ્થળે પહોંચી તેને સારવાર માટે ખાનગી હોસ્પિટલ બાદ વધુ સારવાર માટે અન્ય ખાનગી હોસ્પિટલમાં લઈ ગયા હતા. જ્યાં સારવાર દરમિયાન ગુરુવારે રાત્રે તેનું મોત થયું હતું. મિતેશકુમારે આર્થિક સંકડામણના કારણે આ અંતિમ પગલું ભર્યું હોવાનું પરિવારે જણાવ્યું હતું. આ અંગે વધુ તપાસ પુણા પોલીસ કરી રહી છે.

કોલેજીયન વિદ્યાર્થીની બુલેટની અડફેટે મહિલાનું મોત

પોલીસે ગણતરીના કલાકોમાં અડાજણના વિદ્યાર્થીને ઝડપી લીધો



સુરતઃ પાલ વિસ્તારમાં પૂરપાટ ઝડપે આવતી બાઈકની ટક્કરે રસ્તો ક્રોસ કરી રહેલી મહિલાનું મોત નીપજ્યા બાદ ફરાર થઈ ગયેલા આરોપીને પાલ પોલીસે સીસીટીવી ફૂટેજ, હ્યુમન સોર્સ અને ટેકનિકલ સર્વેલન્સની મદદથી આરોપીને ગણતરીના કલાકોમાં ઝડપી પાડ્યો છે.

ગત તા. ૧૯/૧૧/૨૦૨૬ના રોજ સાંજે પાલ ગામમાં પાલ લેક ગાર્ડનની પાછળ આવેલા પાલ વોકવે રોડ ઉપર ફરિયાદી ચીમનભાઈ મગનભાઈ મસારના પત્ની પાણી ભરવા માટે જઈ રહ્યા હતા.આ દરમિયાન રોડ ક્રોસ કરતી વખતે રોયલ એનફિલ્ડ બાઈક(નં. GJ-05-TS-8969) ના ચાલકે તેમને ટક્કર મારી હતી. અકસ્માતમાં મહિલાને જમણા પગના ઘૂંટણ નીચેના ભાગથી ફ્રેક્ચર તેમજ ડાબી બાજુ સાથળના ભાગે ગંભીર ઈજાઓ પહોંચી હતી અને સારવાર દરમિયાન તેમનું મોત નીપજ્યું હતું. અકસ્માત સર્જી બાઈક ચાલક ઘટનાસ્થળેથી નાસી છૂટ્યો હતો. પાલ પોલીસ સ્ટેશનના પી.આઈ. બી.એ. ભટ્ટના માર્ગદર્શન આરોપી કરશન કારાભાઈ ગોરાણીયા (ઉં.વ. ૧૯, ધંધોઃ અભ્યાસ, રહે. બી/૯૦૨, રામેશ્વર રેસીડેન્સી, નાયરા પેટ્રોલ પંપની પાછળ, એલ.પી. સવાણી રોડ, અડાજણ, સુરત)ની ધરપકડ કરી છે. આરો પી પારુલ યુનિવર્સિટીમાં બીબીએના પ્રથમ વર્ષમાં અભ્યાસ કરે છે.

કાચા માલની ઘટતી પડતરનો લાભ ડાઉનસ્ટ્રીમ ઉદ્યોગ સુધી પહોંચતો જ નથી

ક્રૂડ ઓઈલ સસ્તું થયું છતાં સુરતના વિવર્સને યાર્નમાં રાહત કેમ નહીં?

ત્રણ સપ્તાહમાં PTAના ભાવમાં રૂ.6.90 અને પોલિએસ્ટર MELTમાં રૂ.5.94 પ્રતિ કિલોનો ઘટાડો, છતાં તૈયાર યાર્નના ભાવમાં અપેક્ષિત ઘટાડો નથી

સુરતઃ ખાડી વિસ્તારમાં યુદ્ધજન્ય તંગદિલી હળવી થવાના સંકેતો અને આંતરરાષ્ટ્રીય ક્રૂડ ઓઈલના ભાવમાં નરમાઈને પગલે પોલિએસ્ટર યાર્નના ઉત્પાદન માટે વપરાતા રો-મટિરિયલના ભાવમાં નોંધપાત્ર ઘટાડો થયો છે. જોકે, કાચા માલની પડતર ઘટવા છતાં તૈયાર પોલિએસ્ટર યાર્નના ભાવમાં વિવર્સને અપેક્ષિત રાહત મળી નથી. પરિણામે યાર્નના ઉત્પાદન ખર્ચ અને વેચાણભાવ વચ્ચેનો તફાવત સુરતના ટેક્સટાઈલ ઉદ્યોગમાં ચર્ચાનો વિષય બન્યો છે.

રો-મટિરિયલના ભાવ આંકડા મુજબ 7 નવેમ્બરથી 21 નવેમ્બર દરમિયાન PTAના ભાવ રૂ.100.80થી ઘટીને રૂ.93.90 પ્રતિ કિલો થયા છે. આમ, ત્રણ સપ્તાહમાં રૂ.6.90 એટલે કે 6.85 ટકાનો ઘટાડો નોંધાયો છે. બીજી તરફ પોલિએસ્ટર MELTના ભાવ રૂ.110.83થી ઘટીને રૂ.104.89 થયા છે. તેમાં રૂ.5.94 એટલે કે 5.36 ટકાનો ઘટાડો થયો છે. જોકે, MEGના ભાવ રૂ.71 પ્રતિ કિલો પર સ્થિર રહ્યા છે.

સામાન્ય રીતે કાચા માલના ભાવ વધે ત્યારે યાર્ન ઉત્પાદકો ઝડપથી ભાવવધારો અમલમાં મૂકે છે, પરંતુ ભાવ ઘટે ત્યારે તેનો લાભ વિવર્સ અને ગ્રે કાપડ ઉત્પાદકો સુધી પહોંચવામાં વિલંબ થતો હોવાની ફરિયાદ ઉદ્યોગમાં ઊઠે છે. હાલની સ્થિતિમાં પણ PTA અને MELTના ભાવમાં ઘટાડો થયો હોવા છતાં તૈયાર યાર્નના ભાવમાં સમકક્ષ ઘટાડો જોવા મળતો નથી.

આ પાછળ યાર્ન ઉત્પાદકો પાસે અગાઉ ઊંચા ભાવે ખરીદાયેલા કાચા માલનો સ્ટોક હોવો એક કારણ હોઈ શકે છે. જૂના સ્ટોકની પડતર વસૂલ થયા બાદ જ નવા સસ્તા કાચા માલની અસર વેચાણભાવમાં દેખાય તેવી શક્યતા છે. બીજી તરફ વિવિંગ અને પ્રોસેસિંગ એકમોમાં નબળી માંગ, મર્યાદિત ખરીદી અને બજારમાં પેમેન્ટની ધીમી ગતિને કારણે વર્કિંગ કેપિટલનું દબાણ પણ યથાવત્ છે.

ચન્દ્રશેખર આઝાદ બ્રિજ નીચેના પાડા ઉપર શ્રમજીવીઓનાં ઝૂંપડાંમાં આગ

સુરતઃ રાંદેર રોડ ચન્દ્રશેખર આઝાદ બ્રિજ નીચે શ્રમજીવીઓનાં ઝૂંપડાંમાં શુક્રવારે સવારે આગ લાગતાં ભાગદોડ મચી ગઈ હતી. આ બનાવની જાણ થતાં તાપીપુરા ફાયર સ્ટેશનનો કાફલો ઘટના સ્થળે દોડી જઈ આગ ઓલવવાની કવાયતમાં લાગી ગયો હતો. ફાયર ઓફિસર બળવંતસિહે જણાવ્યું હતું કે, આગ લાગવાની જાણ થતા જ અમારી ટીમ ઘટના સ્થળે તુરંત જ પહોંચી ગઈ હતી. શ્રમજીવીઓએ તેમનાં ઝૂંપડાંના શેડ ઉપર લાકડાં તથા અન્ય પરચૂરણ સામાન રાખ્યો હતો તેમાંથી એક ઝૂંપડાંમાં આગ લાગી હતી. આજુબાજુ બીજાં અનેક ઝૂંપડાં હતાં. જોકે, સમયસર પહોંચેલી ફાયર બ્રિગેડની ટીમે તુરંત જ પાણીનો મારો ચલાવી આગ ઉપર તુરંત જ કાબૂ મેળવી લેતાં અન્ય ઝૂંપડાં બચાવી લેવામાં આવ્યાં હતાં. આગ લાગવાને કારણે ઝૂંપડાંના શેડ ઉપર મૂકેલાં લાકડાં બળીને ખાખ થઈ ગયાં હતાં. ઘટનામાં કોઈને ઈજા કે જાનહાનિ થઈ ન હતી. શોર્ટ સર્કિટને કારણે આગ લાગવાનું કારણ સામે આવ્યું હોવાનું પણ ફાયર બ્રિગેડનાં સૂત્રોએ ઉમેર્યું હતું.

મોંઘવારીની 'સ્પીડ' વધીઃ આપનું કલેક્ટર કચેરીએ વિરોધ પ્રદર્શન

દૂધ, દહીં, છાશથી પેટ્રોલ-ડીઝલ સુધીના ભાવવધારા સામે આક્રોશ

આવક સ્થિર અને ખર્ચમાં સતત વધારો થતો હોવાનો આક્ષેપ, ભાવવધારો પાછો ખેંચવાની માંગ



સુરતઃ જીવન જરૂરિયાતની ચીજવસ્તુઓના સતત વધતા ભાવને પગલે સામાન્ય અને મધ્યમવર્ગીય પરિવારોનું ઘરવખરીનું બજેટ ખોરવાઈ રહ્યું હોવાનો મુદ્દો ઉઠાવી આમ આદમી પાર્ટી દ્વારા સુરત કલેક્ટર કચેરી ખાતે વિરોધ પ્રદર્શન કરવામાં આવ્યું હતું. દૂધ અને દૂધની બનાવટો સહિત પેટ્રોલ-ડીઝલના ભાવવધારા સામે કાર્યકરો અને આગેવાનોએ સૂત્રોચ્ચાર કરી સરકાર સમક્ષ ભાવવધારા પર નિયંત્રણ લાવવાની માંગ કરી હતી.

આમ આદમી પાર્ટીના કાર્યકરોએ આક્ષેપ કર્યો હતો કે સામાન્ય પરિવારોની આવકમાં નોંધપાત્ર વધારો થયો નથી, પરંતુ બીજી તરફ જીવનજરૂરિયાતની વસ્તુઓના ભાવ વધતાં દર મહિને ઘર ચલાવવાનો ખર્ચ વધી રહ્યો છે. ખાસ કરીને દૂધ, દહીં અને છાશ જેવી રોજિંદા વપરાશની વસ્તુઓ મોંઘી બનતાં મધ્યમ વર્ગના પરિવારો પર આર્થિક ભારણ વધી રહ્યું છે. મોંઘવારીના કારણે લોકો આર્થિક ભીંસ અનુભવી રહ્યા છે અને ઘરનું બજેટ જાળવવું મુશ્કેલ બની રહ્યું છે.

વિરોધ પ્રદર્શન દરમિયાન આપના આગેવાનોએ ભાજપના અગાઉના રાજકીય વલણ પર પણ સવાલ ઉઠાવ્યા હતા. કોંગ્રેસ સરકારના સમયમાં મોંઘવારી વધતી ત્યારે ભાજપના નેતાઓ રસ્તા પર ઊતરી વિરોધ કરતા હતા, પરંતુ હવે ભાજપ સત્તામાં હોવા છતાં વધતી મોંઘવારી સામે કેમ અવાજ ઉઠાવવામાં આવતો નથી તેવો સવાલ કરવામાં આવ્યો હતો.

સુરત મહાનગરપાલિકાનાં પૂર્વ વિપક્ષ નેતા પાયલ સાકરિયાએ જણાવ્યું હતું કે, દિવસે ને દિવસે મોંઘવારીનો અસહ્ય માર સામાન્ય લોકો પર પડી રહ્યો છે. દૂધ, દહીં, છાશ ઉપરાંત પેટ્રોલ-ડીઝલના ભાવમાં પણ વધારો થઈ રહ્યો છે. ભાજપ સરકાર ત્રિપલ એન્જિનની સરકારના નારા આપે છે, પરંતુ વર્ષ ૨૦૧૪માં 'બહુત હુઈ મહેંગાઈ કી માર'નો નારો આપનારા નેતાઓ આજે મોંઘવારીના મુદ્દે મૌન કેમ છે? તેવો સવાલ તેમણે કર્યો હતો.

ગોપીપુરામાં પાઇરેટેડ સોફ્ટવેરથી જ્વેલરી ડિઝાઇનનો પર્દાફાશ

સુરતઃ મુંબઈના રહેવાસી અને કાંગારૂ એજન્સી આઈ.પી.આર. સોલ્યુશનના અધિકૃત પ્રતિનિધિ મનોજ નાઈક (ઉં.વ.58) દ્વારા ગેમ વિઝન એલએલપી કંપનીના 'મેટ્રિક્સ' સોફ્ટવેરના કોપીરાઈટ અને ટ્રેડમાર્કના રક્ષણ માટે કાર્યવાહી કરવામાં આવી હતી. ખાનગી તપાસ દરમિયાન ગોપીપુરાના અંબાજી રોડ પર આવેલા ડુલસ હાઉસના પ્રથમ માળે ડોઈઝ જ્વેલર્સના સંચાલક જ્વેલરી ડિઝાઇન માટે (10/879) આ સોફ્ટવેરનો લાઇસન્સ વગર ઉપયોગ કરતા હોવાની માહિતી મળતાં પોલીસનો સંપર્ક કર્યો હતો. જેના આધારે અઠવાલાઇન્સ પોલીસની ટીમ અને કંપનીના પ્રતિનિધિઓએ સંયુક્ત રીતે સ્થળ પર તપાસ હાથ ધરી હતી. તપાસ દરમિયાન ડોઈઝ જ્વેલર્સના સંચાલક બબલુ ગોવિંદ દાસ (ઉં.વ.47) (રહે.,સોની કોમ્પ્લેક્સ, આમલીરાન, ગોપીપુરા) પાસેથી મેટ્રિક્સ સોફ્ટવેરના ઉપયોગ અંગેનું કોઈ માન્ય લાઇસન્સ મળી આવ્યું નહોતું. આથી પોલીસે સ્થળ પરથી Artis કંપનીના છ, Fingers કંપનીના પાંચ, ANT ESPORTS કંપનીના ત્રણ, Antec કંપનીનો એક અને PRESIDENT કંપનીનો એક મળી કુલ 16 CPU કબજે કર્યાં હતાં. આ તમામ મુદ્દામાલની કુલ કિં. રૂ.1.60 લાખ આંકવામાં આવી છે. આ મામલે અઠવાલાઇન્સ પોલીસે કોપીરાઇટ એક્ટની કલમ-51 અને 63 હેઠળ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

Surat Municipal Institute of Medical Education & Research
(Surat Municipal Corporation)
Opp. Bombay Market, Umarwada, Surat-395010, Gujarat
MULTI-DISCIPLINARY RESEARCH UNIT (MRU)
(Established under ICMR, Department of Health Research, Government of India, New Delhi)

STAFF RECRUITMENT
APPLICATIONS ARE INVITED FOR RECRUITMENT OF THE FOLLOWING CONTRACTUAL STAFF ON FIXED REMUNERATION IN MULTI DISCIPLINARY RESEARCH UNIT-SMIMER

S. No	Name of The Post	Number of Posts	Consolidated Remuneration/Month
1	Research Scientist-II	01	67,000/- + HRA*
2	Research Scientist-I	01	56,000/- + HRA*

*Admissible HRA will be as per SMC norms.
Interested candidates having requisite qualification and experience has to submit (A) Brief Resume, (B) requisite Certificate(s) + Documentary Proof(s) and (C) Application Form (duly Filled)by post or in person to "The Dean, D-Block, Surat Municipal Institute of Medical Education & Research (SMIMER), Opp. Bombay Market, Umarwada, Surat-395010, Gujarat. The envelope containing the duly filled application form should be super-scribed as "Application for the post of "Research Scientist-II " or " Research Scientist-I
". Last date of submission of application is 30/11/2026.
The Application forms and details regarding appointment are available on following websites: http://smimer.suratmunicipal.gov.in.&www.suratmunicipal.gov.in
PRO. No/353/2026 DEAN
Date: 20/11/2026 SMIMER

જાહેર નિવિદા

નં.૦૨ સને ૨૦૨૬-૨૭
ગુજરાત રાજ્ય જાહેર બાંધકામ ખાતાના યોગ્ય શ્રેણીમાં નોંધાયેલ બારડોલી તાલુકાની સ્થાનિક સહકારી મંડળીઓ, બેકાર ઈજનેર તથા જાહેર બાંધકામ ખાતા દ્વારા માન્યતા પ્રાપ્ત નોંધાયેલ ઈજારદારો પાસેથી બારડોલી તાલુકાના વિકાસના કામો માટે ભાવો મંગાવવામાં આવે છે.

અ. નં.	કામો રાખવા ઈચ્છતી એજન્સી	મુદત	માંગણી માટેની જરૂરી વિગતો
૧	સ્થાનિક સહકારી મંડળીઓ	જાહેર નિવિદા પ્રસિધ્ધ થયેથી પહેલા બે દિવસ	૧. માંગણી પત્રક ૨. રજીસ્ટ્રેશનની નકલ ૩. સોલ્વન્સી સર્ટીફીકેટ ૪. ઈન્કમટેક્ષ ક્લીયરન્સ સર્ટીફીકેટ
૨	બેકાર ઈજનેર તથા જાહેર બાંધકામ ખાતા દ્વારા માન્યતા પ્રાપ્ત નોંધાયેલ ઈજારદારો	જાહેર નિવિદા પ્રસિધ્ધ થયેથી ત્રીજા દિવસે	૧. માંગણી પત્રક ૨. રજીસ્ટ્રેશનની નકલ ૩. સોલ્વન્સી સર્ટીફીકેટ ૪. ઈન્કમટેક્ષ ક્લીયરન્સ સર્ટીફીકેટ

ટી.એસ.પી.યોજના ૨૦૨૪-૨૫ અને ૨૦૨૫-૨૬ અંતર્ગત સિંચાઈ માટેના કામો ક્રમ નં.(૨)માં દર્શાવેલ એજન્સીઓને કોરા ટેન્ડર આપવાની મુદત હરોળમાં ક્યેરી સમય દરમ્યાન ટેન્ડર ફી ની રકમ પી.એલ.એ.ટુ ટી.ડી.ઓ.બારડોલી સદરે જમા કરાવી અસલ ચલન રજુ કરી બાંધકામ શાખામાંથી મેળવી શકાશે.ટેન્ડરો સ્પીડ પોષ્ટથી જાહેર નિવિદા પ્રસિધ્ધ થયેથી દિન-૦૬ સુધીમાં ક્યેરી સમય દરમ્યાન મળે તે રીતે મોકલવાના રહેશે.તારીખ મર્યાદા પછી આવેલ ટેન્ડરો માન્ય રાખવામાં આવશે નહિ.શરતો તથા કામોની ચાદી બાંધકામ શાખા તા.પં.બારડોલીમાં જોવા મળશે.ટેન્ડર મંજુર/નામંજુર કરવાનો અધિકાર નીચે સહી કરનાર અધિકારીશ્રીને રહેશે.ટેન્ડરો જાહેર નિવિદા પ્રસિધ્ધ થયેથી ૭ માં દિવસ ના રોજ ૧૪:૦૦ કલાકે હાજર રહેલ એજન્સી રૂબરૂ ખોલવામાં આવશે.

તાલુકા વિકાસ અધિકારી
કમાંક.માહિતી-સુરત/૯૧૩/૨૦૨૬ બારડોલી.જિ.સુરત

પંજાબ નૅશનલ બૅંક punjab national bank ...the name you can BANK upon !
...મરોસે का प्रतीक !

નવસારી ગણદેવી રોડ શાખા(૧૫૬૨૦) : ગ્રાઉન્ડ ફ્લોર હેરીટેજ એપાર્ટમેન્ટ,ગણદેવી રોડ, નવસારી. ફોન : ૦૨૬૩૭ ૨૩૩૧૨૭, email: ID:bo156620@pnb.bank.in

કબજા નોટીસ (સ્થાવી મિલકત માટે)

આથી નીચે સહી કરનાર પંજાબ નેશનલ બેંક, નવસારી ગણદેવી રોડ શાખા, અધિકૃત અધિકારીએ સિકયોરિટાઈઝેશન ઓફ ફાયનાન્સિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિકયોરિટી ઈન્ટરેસ્ટ એકટ, ૨૦૦૨ (૫૪ ના ૨૦૦૨)અને આ ધારા ૧૩(૧૨) સિકયોરિટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ)૨૦૦૨ ના રૂલ્સ ૩ સાથે વંચાણે લઈ તેમની મળેલ સત્તા હેઠળ તા.૧૦.૦૮.૨૦૨૬ ના રોજ ડિમાન્ડ નોટીસ બજાવી ને શ્રી રામચંદ્રા આર યાદવ(દેવાદાર) અને શ્રીમતી દુર્ગાબેન રામચંદ્રા યાદવ (સહ–દેવાદાર) ને નોટીસમાં દર્શાવેલ રકમ રૂા.૩,૧૧,૩૯૧.૦૦/– (અંકે રૂા. ત્રણ લાખ અગીયાર હજાર ત્રણસો એકાણુ પૈસા) ૩૦/૦૭/૨૦૨૬ ના રોજ વ્યાજ સાથે આ નોટીસ મળ્યાના ૬૦ દિવસની અંદર પરત ચુકવવા જણાવવામાં આવ્યું હતું.

દેવાદાર/ગીરવેદાર/જામીનદાર આ રકમ ચુકવવામાં અસફળ રહેલ છે. આથી દેવાદાર/જામીનદાર અને જાહેર જનતાને આ નોટીસથી જણાવવામાં આવે છે કે આ ધારા ૧૩ ની પેટા કલમ (૪) સિકયુરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ ૨૦૦૨ રૂલ ૮ સાથે વંચાણે લઈ તેમને આપવામાં આવેલ અધિકાર અનુસાર તારીખ ૧૮ નવેમ્બર ૨૦૨૬ ના રોજ આ મિલકતનો કબજો મેળવેલ છે.

આથી વિગતમાં દર્શાવેલ દેવાદાર/ગીરવેદાર/જામીનદાર અને જાહેર જનતાને ચેતવણી આપવામાં આવે છે કે મિલકતો માટે કોઈ પણ વ્યવહાર કરવો નહિં અને જો કોઈપણ વ્યવહાર કરવો હોય તો પંજાબ નેશનલ બેંક નવસારી ગણદેવી રોડ શાખા, ની બાકી રકમ રૂા.૩,૧૦,૭૭૫.૦૦/– (અંકે રૂા. ત્રણ લાખ દસ હજાર સાતસો પંચોતેર પૂરા) ૩૦/૧૦/૨૦૨૬ ના રોજના તેના ઉપરના વ્યાજ અન્ય ચાર્જીસ ને આધિન રહેશે.

એનપીએ બાદ વસુલાત–રૂા.૧૪,૦૦૦/–

દેવાદારોનું ધ્યાન દોરવામું કે તમને નિયમ ૧૩ની પેટા કલમ (૮) ની